ન્યાયમૂર્તિઓ, વકીલ મંડળના હોદ્દેદારો તથા અરજદારોની ઉપસ્થિતિ:

જામનગરમાં આજે નેશનલ લોકઅદાલતનું કરાયું આયોજન

(તસ્વીરઃ પરેશ ફુલીયા)

જામનગરમાં આજે ગુજરાત રાજ્ય સેવા સત્તામંડળના ઉપક્રમે જામનગર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા નેશનલ લોકઅદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રજૂ થયેલા કેટલાક કેસનો સુખદ અંત આવવાની આશા સેવાઈ રહી છે. આજે સવારે લોકઅદાલત શરૂ થઈ ત્યારે તેમાં પોતાના કેસ મૂકનાર અરજદારો તથા તેમના વકીલો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય જિલ્લા ન્યાયાધીશ સહિતના ન્યાયમૂર્તિઓ તેમજ વકીલ મંડળના પ્રમુખ સહિતના હોદ્દેદારો અને હોદ્દેદારો પણ ઉપસ્થિત રહ્યા હતા.

પોણા ત્રણ વર્ષ પહેલાં કરાઈ હતી ચેકીંગ કાર્યવાહી:

ક્રિકેટ ટુર્નામેન્ટ યોજનાર આયોજકને વીજ ચોરીના આક્ષેપમાં રૂા.૧ કરોડ ૧૬ લાખનો દંડ

જામનગર તા. ૧૪: જામનગરના બેડેશ્વર વિસ્તારમાં પોણા ત્રણ વર્ષ પહેલાં ચાલી રહેલી એક ક્રિકેટ ટુર્નામેન્ટના સ્થળે આકસ્મિત વીજ ચેકીંગ કરાતા ત્યાં વીજજોડાણ મેળવાયું ન હોવા છતાં ડાયરેક્ટ વીજળી મેળવી વપરાતી હોવાનું ખૂલ્યું હતું. ટુર્નામેન્ટના આયોજક સામે રૂા.૩૮ લાખ ૭૨ હજારની વીજચોરી અંગે કેસ કરાયો હતો. અદાલતે તેનો ત્રણ ગણો દંડ એટલે કે રૂા.૧ કરોડ ૧૬ લાખ ભરપાઈ કરવા અથવા એક વર્ષની કેદ ભોગવવા આયોજકને આદેશ કર્યો છે.

જામનગરના બેડી વિસ્તારમાં આવેલી વિન્ડ મીલ પાછળના મેદાનમાં વર્ષ ૨૦૨૩ના એપ્રિલ મહિનામાં ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. તે સ્થળે ગઈ તા.૧૩-૪-૨૦૨૩ના દિવસે જામનગર પીજીવીસીએલ વર્તુળ કચેરીના પટેલ કોલોની સબ ડિવિઝન કચેરીના સ્ટાફે આકસ્મિક ચેકીંગ હાથ ધર્યું હતું.

આ સ્થળે વીજજોડાણ મેળવવામાં આવ્યું ન હોવા છતાં અનઅધિકૃત રીતે વીજળી મેળવી તેનો ક્રિકેટ ટુર્નામેન્ટ માટે ઉપયોગ કરાતો હોવાનું જણાઈ આવતા આ ટુર્નામેન્ટ રમાડતા સુલેમાન ઈબ્રાહીમ દલ સામે વીજચોરી અંગે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સ્થળ પરના ફોટોગ્રાફ લેવા ઉપરાંત ચેકીંગ શીટ, રોજકામ કરાયું હતું અને નાયબ ઈજનેર જીયુવીએનએલ પોલીસ સ્ટેશનમાં સુલેમાન ઉમર દલ સામે રૂા.૩૮,૭૨,૨૫૨ની વીજચોરી અંગે ફોજદારી ફરિયાદ નોંધાવી હતી.

ઉપરોક્ત કેસ જામનગરની ખાસ વીજ અદાલતમાં ચાલવા પર આવતા સરકાર પક્ષે આઠ સાક્ષી અને ૧૭ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કર્યા હતા. તેને ગ્રાહ્ય રાખી અદાલતે આરોપી સુલેમાન ઉમર દલને વીજચોરીની ત્રણ ગણો દંડ એટલે કે રૂા.૧ કરોડ ૧૬ લાખ દંડ પેટે ભરી આપવા અને આ રકમ ૩૦ દિવસમાં જમા કરાવવામાં ન આવે તો એક વર્ષની કેદની સજાનો હુકમ કર્યો છે. સરકાર તરફથી પીપી રાજેશ વશીયર રોકાયા હતા.

FOR SALE

વાલકેશ્વરીમાં ટેનામેન્ટ

૭૨૪ ચો.ફી. પ્લોટ,
અંદાજે ૧૩૦૦ બાંધકામનો
ડુપ્લેક્સ બંગલો,
૩ બીએચકે, ૨.૫ બાથ,
બાલ્કની, કવર્ડ અગાસી
એ.સી., સોલર વોટર હીટર સાથે,
મેઈન રોડથી અંદર અને શાંતિપૂર્ણ
મો.: ૮૧૨૮૬ ૧૩૨૯૭
૮૫૫૨૦ ૭૪૨૯૨

બે દિવસમાં તાપમાન ત્રણ ડીગ્રી ઘટતા

જામનગરમાં ગરમી ઘટી: મહત્તમ ૩૪ ડીગ્રી

જામનગર તા. ૧૪: જામનગરમાં શનિવારે સવારે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન વધારા કે ઘટાડા વગર લઘુતમ તાપમાન બાવીસ ડીગ્રીએ સ્થિર રહ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ આંશિક ઘટીને ૭૪ ટકા રહ્યું હતું. પવનની ગતિ વધીને પ્રતિકલાકની સરેરાશ ૨૦ થી ૨૫ કિ.મી.ની રહેવા પામી હતી. તો જીલા વાયરાઓના કારણે સાંજથી જ વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

કોઈ બાબતે ડર લાગતા મહિલાએ માર્યો કૂદકો:

પતિ સાથે બાઈક પર જતાં પત્નીએ કૂદકો માર્યા પછી પતિએ માર માર્યો

જામનગર તા. ૧૩: ધ્રોલ તાલુકાના હાડાટોડા ગામના એક પરિણીતા પોતાના પતિ સાથે મોટરસાયકલ પર પાંચેક દિવસ પૂર્વે માણેકપર ગામ જતા હતા ત્યારે માર્ગમાં કોઈ બાબતથી ડર લાગતા આ મહિલા ચાલુ બાઈકે કૂદી ગયા હતા તેથી ઉશ્કેરાયેલા પતિએ તેણીને લાકડી ઝીંકી પથ્થરથી માર માર્યાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે.

ધ્રોલ તાલુકાના હાડાટોડા ગામમાં રહેતા મમતાબા બકુલસિંહ જાડેજા (ઉ.વ.૪૮) નામના મહિલા ગઈ તા.૮ની બપોરે પતિ બકુલસિંહ રાજમલસિંહ જાડેજા સાથે મોટરસાયકલ પર હાડાટોડાથી માણેકપર ગામ તરફ જતા હતા.

તેઓ જ્યારે માર્ગમાં હતા ત્યારે કોઈ બાબતે ડર લાગતા મમતાબા ચાલુ મોટરસાયકલે કૂદકો મારી ઉતરી ગયા હતા. આ વેળાએ ઉશ્કેરાયેલા પતિ બકુલસિંહે લાકડી તથા પથ્થરથી પત્નીને માર માર્યો હતો અને છરી બતાવી હતી. તેવી ફરિયાદ મમતાબાએ ધ્રોલ પોલીસ મથકમાં નોંધાવી છે.

ઓરડીમાં રહેલા પાઈપમાં દોરી વડે કરી આત્મહત્યા:

ઝઘડા પછી પત્ની બાળકો સાથે ચાલ્યા જતાં માઠું લાગી આવવાથી યુવાનનો ફાંસો

જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ પર આવેલા અને લાલપુર તાલુકાના જોગવડ ગામમાં શિવપરા વિસ્તારમાં વસવાટ કરતા અશોકભાઈ આલાભાઈ પરમાર નામના યુવાને ગુરૂવારે સાંજે પોતાના રહેણાંકમાં આવેલી એક ઓરડીમાં લોખંડના પાઈપમાં દોરી બાંધી ગાળીયો બનાવ્યા પછી ફાંસો ખાઈ લીધો હતો. આ બાબતની ગુરૂવારે સાંજે તેમના નાનાભાઈ અરવિંદભાઈ આલાભાઈને જાણ થતાં તેઓએ અશોકભાઈને નીચે ઉતારી ચકાસતા તેઓ મૃત્યુ પામેલા જણાઈ આવ્યા હતા. મેઘપર પોલીસને વાકેફ કરવામાં આવતા દોડી ગયેલા જમાદાર આર.એન. ગાનકીએ મૃતદેહનો કબજો સંભાળી પીએમ માટે ખસેડ્યો છે.

મૃતકના નાનાભાઈ અરવિંદભાઈનું નિવેદન નોંધવામાં આવ્યું છે જેમાં તેઓએ જણાવ્યા મુજબ અશોકભાઈ અને તેમના પત્ની ગંગાબેન વચ્ચે થોડા દિવસ પહેલા કોઈ બાબતે ઝઘડો થયો હતો. તે પછી રીસાઈ ગયેલા ગંગાબેન બાળકો સાથે પોતાના ફઈના ઘેર રહેવા ચાલી ગયા હતા. આ બાબતનું માઠું લાગી આવતા અશોકભાઈએ ગુરૂવારે બપોરથી સાંજ સુધીમાં આ પગલું ભરી લીધુ છે. પોલીસે તપાસ શરૂ કરી છે.

Living Legend Winning Hearts All Over !!!

જીંદગીભર યાદ રહી જાય તેવો અદભૂત જલસો

LIVE IN CONCERT

કાલે રાત્રે

રાત્રે 9.30 ક. ટાઉન હોલ, જામનગર
ટીકીટ બુકીંગ હોલ પર સવારે 10 થી 1, સાંજે 5 થી 8
ઉમંગ ભદ્રા- 95744 70467

ઓનલાઈન ટિકિટ બુકિંગ bookmyshow

The Wait is Over !!

લોકપ્રિય પ્લેબેક સીંગર

મનહર ઉધાસ

ગીત ગઝલની યાદગાર મહેફીલ

શો સંપર્ક: નૈતિક નાયક: 95580 59249

બ્રાન્ડેડ ગારમેન્ટ સેલ જામનગરમાં

તા. ૧૪-૩-૨૦૨૬ થી તા. ૨૨-૩-૨૦૨૬ સુધી

Myntra ની Website પર
વેચાતા બધાજ નેશનલ અને ઈન્ટરનેશનલ
બ્રાન્ડના ગારમેન્ટ અમારે ત્યાં મળશે.

60 to 70% discount સુધી

Available Brand

Men's Wear, Ladies Wear, Kids Wear, Bear, Bedsheet, Dohar Towel, Doormet ets.

કામદાર વાડી

અંબર ટોકીઝ પાસે, હોસ્પિટલ રોડ, જામનગર

દુઃખદ અવસાન બેસણું

જામનગર નિવાસી પુંજાભાઈ મેરામણભાઈ કેશવાલા (ઉ.વ. ૮૨)
તે નિતીનભાઈ પુંજાભાઈ કેશવાલા ના પિતાશ્રી
તા.૧૨-૦૩-૨૦૨૬, ગુરૂવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે.

:: સદ્ગતનું બેસણું ::

તા.૧૬-૦૩-૨૦૨૬ને સોમવાર ના રોજ સાંજે ૪:૩૦ થી ૫:૩૦ કલાકે
તુલસી એવન્યુ, ન્યુ જામનગર ની સામે, ખંભાળીયા બાયપાસ રોડ,
જામનગર ખાતે રાખેલ છે.

લિ. શોકાતુર

પુતીબેન પુંજાભાઈ કેશવાલા (પત્નિ)

નિતીનભાઈ પુંજાભાઈ કેશવાલા (પુત્ર)
(પ્રમુખ - નાઘેડી લાખાબાવળ ફેક્ટરી ઓનર્સ એસોસિએશન)
રેખાબેન નિતિનભાઈ કેશવાલા (પુત્રવધુ)
કુસુમબેન ઓડેદરા (પુત્રી)
ભારતીબેન ઓડેદરા (પુત્રી)
શાંતુબેન કારાવદ્રા (પુત્રી)

ખીમાભાઈ મેરામણભાઈ કેશવાલા (ભાઈ)
ભોજાભાઈ મેરામણભાઈ કેશવાલા (ભાઈ)
સામતભાઈ મેરામણભાઈ કેશવાલા (ભાઈ)
સ્વ.કેશુભાઈ મેરામણભાઈ કેશવાલા (ભાઈ)
લાખાભાઈ મેરામણભાઈ કેશવાલા (ભાઈ)
જેસાભાઈ મેરામણભાઈ કેશવાલા (ભાઈ)

તુલસીબેન નિતિનભાઈ કેશવાલા (પૌત્રી)
વીનીબેન નિતિનભાઈ કેશવાલા (પૌત્રી)
વાલીબેન મશરીભાઈ ઓડેદરા (બહેન)
(મો. ૯૯૭૮૮ 33333)

સ્વ. પુંજાભાઈ મેરામણભાઈ કેશવાલા

સ્વ.તા.૧૨-૦૩-૨૦૨૬, ગુરૂવાર

Editor, Printer & Publisher: Pradip Madhvani ◆ Owner: Madhvani Prakashan (Nobat) ◆ Printing & Publishing by him at: Nobat Press, Nobat Bhavan, Pancheshwar Tower Road, Jamnagar-361001 ◆ Phone: 2670924/2555924 ◆ Fax: 2553752